
31477

પ્રેમભક્તિ-ગ્રંથમાલાના
નવીન ગ્રન્થો



પ્રથમાવૃત્તિની સાલ

૧૭,	શકુન્તલાનું સંભારણું	૧૯૨૬
૧૮,	યુગપલટો અને મહાસુદર્શન	૧૯૨૭
૧૯,	ઉદ્‌બોધન	૧૯૨૭
૨૦,	અર્ધશતાબ્દિના અનુભવબોલ	૧૯૨૭
૨૧,	સંસારમન્થન	૧૯૨૭
૨૨,	વિશ્વગીતા	૧૯૨૭
૨૩,	ઇન્દુકુમાર, અંક ૨ જો	૧૯૨૭
૨૪,	ન્હાના ન્હાના રાસ, ભાગ ૨ જો	૧૯૨૮
૨૫,	ગીતમંજરી	૧૯૨૮

ત્રીજી આવૃત્તિ : વસન્તોત્સવ; જયા-જયન્ત; ઉષા

૧૯૨૮માં છપાશે

પ્રથમાવૃત્તિ : ચોધપર્વણી; પાંચ ઉપનિષદો સમશ્લોકી ;

બીજી આવૃત્તિ : શકુન્તલાનું સંભારણું ; કેટલાંક કાવ્યો.

ત્રીજી આવૃત્તિ : ઇન્દુકુમાર, અંક ૧ લો.

છઠ્ઠી આવૃત્તિ : ન્હાના ન્હાના રાસ, ભાગ ૧ લો.



પ્રેમભક્તિ-ગ્રન્થમાળા

		પ્રથમાવૃત્તિની સાલ
૧,	કેટલાંક કાવ્યો, ભાગ ૧ લો	૧૯૦૩
૨,	રાજસૂત્રોની કાવ્યત્રિપુટિ	૧૯૦૩-૦૫-૧૧
૩,	વસન્તોત્સવ	૧૯૦૫
૪,	કેટલાંક કાવ્યો, ભાગ ૨ જો	૧૯૦૮
૫,	ઈન્દુકુમાર, અંક ૧ લો	૧૯૦૯
૬,	ન્હાના ન્હાના રાસ, ભાગ ૧ લો	૧૯૧૦
૭,	શ્રીમદ્ ભગવદ્ગીતા, સમશ્લોકી	૧૯૧૦
૮,	જયા-જયન્ત	૧૯૧૪
૯,	મેઘદૂત-સમશ્લોકી	૧૯૧૭
૧૦,	ઉષા	૧૯૧૮
૧૧,	ચિત્રદર્શનો	૧૯૨૧
૧૨,	રાજર્ષિ ભરત	૧૯૨૨
૧૩,	પ્રેમકુંજ	૧૯૨૨
૧૪,	પ્રેમભક્તિ-ભજનાવલિ	૧૯૨૪
૧૫,	સાહિત્યમન્થન	૧૯૨૪
૧૬,	વૈષ્ણવી ષોડશ ગ્રન્થો, સમશ્લોકી	૧૯૨૫



પ્રેમભક્તિ-ગ્રન્થમાળા.

ગીતમંજરી

ન્હાનાલાલ દલપતરામ કવિ

ૐ

પ્રેમ અને ત્યાગ.

વિ. સં. ૧૯૮૪ ઈ. સ. ૧૯૨૮

કીંમત ~~[illegible]~~ રૂ. ૧૧/ —

કર્ત્તાને માટે રજીસ્ટર્ડ

પ્રકાશક : ન્હાનાલાલ દલપતરામ કવિ,

31,477 ભદ્ર. અમદાવાદ

આવૃત્તિ પ્હેલી : પ્રત ૨૩૦૦

પ્રેમભક્તિ-ગ્રન્થમાલાના આડતિયા

૧, **અમદાવાદ :** શ્રી જીવનલાલ અમરશી, પીરમશા રોડ
શ્રી ખડાયતા મુદ્રણકલા મન્દિર, ચાર રસ્તા
શ્રી સુન્દરીસુબોધ ઓફિસ, આકાશેઠ કૂવાની પોળ
શ્રી શંભુલાલ જગશી, સારંગપુર

૨, **મુંબઇ :** શ્રી ગુજરાતી પ્રેસ, કોટ
શ્રી જીવનલાલ એન્ડ સન્સ, ભાટિયા મહાજનવાડી, કાલબાદેવી
શ્રી સી. હિંમતલાલની કંપની, પોપટવાડી
શ્રી ગટુલાલ ને કંપની, પ્રાર્થનાસમાજ કને, ગિરગામ

૩, **સૂરત :** રા. કાલિદાસ શેલત, 'પ્રતાપ' ઓફિસ

૪, **ગોધરા :** રા. ભીખાભાઈ વ્યાસ, 'બાલક' ઓફિસ

૫, **કરાંચી :** મન્ત્રીજી, ભ્રાતૃસેવામન્દિર, નાનકવાડા

૬, **વડોદરા :** શ્રી પુસ્તકાલય સહકારી મંડળ
શ્રી એમ. સી. કોઠારીની કંપની, રાવપુરા

૭. **કલકત્તા :** એમ. કુશળચન્દની કંપની, હંઝરા સ્ટ્રીટ

૮, **રંગુન :** એસ. કુશળચન્દની કંપની, ૩૨મી ગલી

૯, **રાજકોટ :** શ્રી વ્હેચર મેવજી, પરામાં

૧૦, **ગોંડળ :** શ્રી પીપરિયા કંપની, ભોજપરા

૧૧. **નડિયાદ :** શ્રી બાલુભાઈ ફૂલચંદ શાહ, ધોરા પોળ

મ્હારો ઝરૂખો વીર ! સાગરને તીર;
સાગરને તીર,.
નીચે ઉછળે છે નીર :
મ્હારો ઝરૂખો વીર ! સાગરને તીર.

ધીરી ધીરી લહર બોલે બોલડા ગભીર;
બ્રહ્મની ઝકોર છાંટે દેવના સમીર;
ચન્દ્રવર્ણાં મોતી રમે રસનાં એ તીર;
આભને આંગણ વસે ત્ય્હાં આભના અમીર :

મ્હારો ઝરૂખો વીર ! સાગરને તીર.

મ્હારાં ગીતો

તો ગુજરાત કને કંઈક વર્ષોથી છેઃ ગામડે ને શહેરે, જાહેર સમારંભોમાં ને ખાનગી મિત્રમંડળોમાં, લલિતજીએ સત્કારપૂર્વક ગાયાં છે. ૧૯૨૧માં "ચિત્રદર્શનો"નું પુસ્તક પ્રગટ થયું ત્યારે મારો ગીતસંગ્રહ છપાવવાનું વચન આપ્યું હતું. આજ સાતે વર્ષે તે પાળું છું, ને આ "ગીતમંજરી" ગુર્જર પ્રજાના કરકમલમાં ધરૂં છું. મ્હારા રાસ ને ભજનોના સંગ્રહ છપાયા છે; શબ્દચિત્રો ને રણગીતો નિરનિરાળાં પ્રગટ થયાં છે. એ ચારે અને આ પાંચમા સંગ્રહમાં સજાતીયતા પ્રત્યેક સંગ્રહનું ધોરણ છે. છતાં કોક કાવ્યો Overlapping species જેવાં હોય છે, ને જૂજ એવાં એકથી વધારે સંગ્રહમાં છપાયાં છે. બેત્રણેક સિવાય અન્ય ગીતોનો અનુક્રમ કક્કાવારી છે એ તો કહેવા જેવું યે નથી.

મ્હારી સાહિત્યોપાસનાની કદાચ નિર્બળામાં નિર્બળ કલા આ સંગ્રહમાં આજ દાખવું છું. ગાતાં–વગાડતાં મ્હને આવડતું નથી. મ્હારો કંઠ પુરૂષનો છે. હારમોનિયમ શીખવાના થોડાક પાઠ લીધા હતા ત્હારે ત્રીજે દિવસે અખંડ સૂરધારા વગાડી હતી. લલિતછન્દ ને 'રૂડા લાગો છો રાજેન્દર ! મન્દિર આવતા રે' એ ફેરણો : એ બે ગીતો ફીડલ ઉપર વગાડતાં પણવાડીએ શીખ્યો હતો. બંસી વગાડવાના કોડ હતા, તે ઘણા ઉવામા પછી કોડ જ રહ્યા છે. મણિભાઇ–કાન્તને ને મણિભાઇ–રણજિતરામને ને પઢિયારજીને મ્હારૂં ગાવું ગમતું. પણ કાન્તનો કંઠ તો મ્હારાથી યે ઘેરો–પૌરૂષેય હતો : અને રણજિતરામને ને પઢિયારને નો હતા સંગીત કોટલે પરચૂરણ.

છતાં હું જાણું છું કે મ્હારું ગાવું મિત્રમંડળને ગમે છે અને તે, ભાવતલ્લીનતા ઉપરાન્ત, એક કારણે : તાલ અને ઢાળની અખંડિતતાને લીધે ગાવામાં આવતા હીંચના હિન્ડોલને કારણે. ઉસ્તાદી સંગીત મ્હને આવડતું નથી, મ્હને ગમતું યે નથી. પણ હીંચના હિન્ડોલના મ્હને પરમ ભાવ ને આદર છે. કવિતામાં ડોલનનો હું રસિયો છું, સંગીતમાં ઝૂલનનો હું રસિયો છું. પરન્તુ મ્હને કે મિત્રોને ગમે છે તે જનતાને ગમશે જ એમ કંઇ કહેવાય નહિ.

અને આ "ગીતમંજરી"માં ઉસ્તાદી સંગીતના રાગો છેક જ નથી એમે નથી. 'જોગીડા ! વસમી આ વનની વાટ' એ એક ગીત એક જ બેઠકે સોળ નિરનિરાળાં રાગરાગણીમાં આપણા 'ઓલિયા જોશી'એ રાજકોટમાં ગાઇ સંભળાવ્યું હતું. 'પરમ પ્રેમ પરબ્રહ્મ'માં તાનસેનજીના 'પરથમ મણિ ઓહુંકાર'ના કલ્યાણ તાલ ધ્રુપદની જમાવટ છે. 'એક જ્વાલા જલે તુજ નેનનમાં' એ તો સર્વવિદિત લોકગત પ્રખ્યાત કવ્વાલી છે. 'ઉગે છે પ્રભાત આજ ધીમે ધીમે' એમાં પ્રભાતના વિલાસની છાયા છે. 'ગાનવનાવ' અને 'જગત ઝૂલે રસઝોલે' એ ભૈરવીઓ છે. 'ઘન ગગન ઘ્હડી કરે ઘોર શોર' એ મલ્હાર છે. 'પેલા આભઝરૂખે અભંગ' અને 'મ્હારો હીંચકો રે અમર વેલડીની માંહ્ય' એ બન્નો સારંગ છે. 'વેણુ લહીએ ને દઇએ' એ ધનાશ્રી તેમ જ ભૈરવમાં ગવાય છે. ઠુમરી ને સોરઠ, આશા ને માલકોશ ને જયદેવજીની એકાદી અષ્ટપદીનો ઢાળ આ સંગ્રહમાં શોધનાર કદાચ નિરાશ નહિ થાય. પણ એ સહુ સંગીતની પ્રેરણાનાં નહિ, જ્ઞાનનાં યે નહિ, અનુકરણનાં દૃષ્ટાન્તો છે. કેટલાંક ગીતોના નાટકિયા રાગો છે, કારણ કે નાટકોને માટે યોજીને લખાયેલાં હતાં.

ઉસ્તાદી સંગીત અને નૃત્ય ગુજરાતમાં પ્રથમથી જ ઓછાં છે: ને છે તે આજ દેવમન્દિરોમાં કે રામજણીઓને ત્હાં જઇને વસેલાં છે. સંસારને સિંહાસને એમને શી વિધે પાછાં આણીને પધરાવવાં એ આજના આપણા સંસારશાસ્ત્રીઓએ ઉકેલવાનો એક સંસારકોયડો છે. વાર લાગશે, કલાકાગે કેટલીક પછડાટો ખાશે: છતાં મ્હને તો આશા ને આસ્થા છે કે કુંજે કુંજે ને કુટુંબે કુટુંબે ન્હાનોમ્હોટો હિન્ડોલો ડોલે છે એ આપણા ગુર્જર સંસારે શાસ્ત્રીય સંગીત ને નૃત્ય પણ પાછાં પધારશે.

અને આજેય શું ગુજરાત સંગીતશૂન્ય કે નૃત્યભૂલેલો છે ? ગુજરાતના વસન્તોત્સવ જૂવો, શરદુત્સવ નિહાળો; શેરીશેરીના નવરાત્રિના ગરબા, તીર્થતીર્થના સમારંભ, શીવરાત્રિની શ્રાવણી પૂજાની ગુનમગુનમની ભજનમંડળીઓને નિરખો; ને પછી, ઉચ્ચરનારાં ! અભિપ્રાય ઉચ્ચારો. ગુજરાત સંગીતસૂનો નથી, ગુજરાત નૃત્યસૂનો યે નથી. સાદું સુમધુર સહુસુલભ છતાં કલાવન્તું ને ભાવઉછળતું ગુજરાતનું સંસ્કારી સંગીત ને નૃત્ય સંસારઅભ્યાસીને ગુજરાતભરમાં નિરખાશે. ગુર્જર સંસારનાં શાસ્ત્રીય નૃત્યસંગીતની એ સારીગમ છે. એની સૂરાવટ ઘૂંટી ઘૂંટીને સંસારસંગીત રચશે તે સંસારશાસ્ત્રી સફળતા શીઘ્રે સાધશે.

પણ સંસાર ! ભૂલતો મા: પાપઉપાર્જન એ સૌન્દર્ય નથી, કે કલા નથી. કવિતા કળા કે સાહિત્ય; સંગીત નૃત્ય કે ચિત્ર; સંસારસુધારો નવઉત્સવસમારંભો કે અસહકાર: એ સૌમાં પવિત્રતા જેટલી પળાશે એટલાં પ્રજાજીવનમાં એ ઝીલાશે ને સત્કારાશે. / કલા ને સૌન્દર્યના પાયા પ્રભુ જેટલા અમ્મર છે.

ફૂલડોલ, સં. ૧૯૮૪ — ન્હાનાલાલ દલપતરામ કવિ

ગીતમંજરી

૧

ગાઓ એ મહાકથા મનુષ્યમોહિની,

અહો ભારતકુલ ! .

બોલો એક કાલાતીત યશના યશોઘોષ હો !

કોટિ કોટિ નરનાર !

ગાઓ એક ગુણગાન :

એક મુખે, એક શબ્દે, એક ભાવે. ભારતકુલ !

ગાઓ એ મહાકથા મનુષ્યમોહિની,

અહો ભારતકુલ !

૨

અનુભવમાલા લખું કે ન લખું, ત્હો યે શું ?

ગહન સત્યો સુખદુઃખ બની આવે;
વીતકજાપો જપું કે ન જપું, ત્હો યે શું ?

મહાતત્ત્વો અશિથિલ ગૂંથાઇ એકાં;
હવે આંખો ભરૂં, કે ન ભરૂં. ત્હો યે શું ?

કૃપાઅશ્રુ પ્રિયનાં મળ્યાં હતાં તે;
કરુણગીતો રચું, કે ન રચું ત્હો યે શું ?

હતાં વ્હાલાં અણમોલ, વિખેરાયાં;
ભવન સાજે સજું કે ન સજું, ત્હો યે શું ?

અનુભવગીતો લખું, કે ન લખું ત્હોયે શું ?

❀

૩

અમ કુંજ આજ પ્રેમનાં પર્વ,
ઉત્સવે પધારજો, રસદેવ ! ધ્રુવ.

રસઉત્સવિયા ઉત્સવ કરીશું,
પ્રેમદેવનાં પૂજન કરીશું;
અમારે ઉરઉર આજ વસન્ત,
સન્ત જન ! વધાવજો રસદેવ !

ધરેધર આજ પ્રેમનાં પર્વ,
ઉત્સવે પધારજો, રસદેવ

અમારે આંગણે તો એકદા કોયલ હતી પેલી:
છૂપીને ડાળ બેઠી'તી, મધુર ગીત બોલતી ઘેલી.

ઝીણાં સ્મિત વેરતી રમતી નવલ રજની નભોમંડપ;
અને શશિરાજ સખિગણે સુહવતા જ્યોત્સ્નિકાવેલી.

દિશાઓ ગાજતી ગીતે, ઉછાળા લેતું'તું હૈયું;
સખિ ! ક્યહાં એ સુણ્યું જા'ને ? ઉડી રસ કોકિલા રેલી.

વિરલ અન્ધાર વરસી મેઘમંડળની ઘટા ડોલે:
ડૂબી અન્ધારમાં ચાંદની, ડૂબી સૌ પર્વની કેલિ.

પધારો ઓ ! હવે દિલબર ! સુણાવો સૂર ત્હમારા એ:
ગહન નિઃશબ્દતા જગની નહીં તો ઉર જશે ફેલી.

પગે પગે જો ! ગગનપન્થે અમીદીપ લઈ ઉભી તારા:
જગતના સ્નેહીઓને ન્હોતરે એની અમૃતહેલી.

હજો અન્ધાર કે જ્યોત્સ્ના, હજો ગીતશબ્દ કે શાન્તિ;
હૃદય ઉઘડે હૃદય મળતાં, હૃદયઉર્મિ ન કો છેલી.

ઉગી એ આશની તારા, નયન ચોટ્યાં ત્યહાં રૂપેરી:
જીવનની તારલી ! ત્હારે કિરણ મુજ હોડી મેં મેલી.

કદી ના તો સુહાગી સાડીમાં સન્તાડીને ત્હારી
વદીશ, મુખભાવ તુજ પીતાં. હૃદયની વાત, અલબેલી !

—કદી સુકુમાર શુભસૌન્દર્યના તુજ તેજમાં રસીલી !
કહીશ મધુરાસ તુજ ઝીલતાં, હૃદયની વાત, અલબેલી !
હૃદયની વાત, અલબેલી !

૯

અમે અખંડ યૌવનની મૂર્તિઓ !

અમે આશાઉલ્લાસ કેરી ઉર્મિઓ !
અમે પ્રકૃતિના અંગમાંની શક્તિઓ !
કોઇ લેશો ? કોઈ લેશો ?
કોઈ લેશો ? કોઇ લેશો ?
અમે અખંડ યૌવનની મૂર્તિઓ !

અમે આકાશવાસીઓ,
દેવોની દાસીઓ,
પ્રેમીની પ્યાસીઓ, જી !
કોઈ લેશો ? કોઇ લેશો ?
કોઇ લેશો ? કોઇ લેશો ?
અમે અખંડ યૌવનની મૂર્તિઓ !

૬

અહો ! આથમે આળપંપાળ, અંગોઅંગ ફોરાં ફૂટે ;
આથે–આથે અનન્તની પાળ પ્રભુની પ્રભા પ્રગટે.

જો ! સંકોરાયે વિશ્વકોર, કંઈ કોટિકિરણ સવિતા પ્રગટે ;
કંઇ તિમિર હસે, કંઇ જગ વિલસે :
જો ! સાગરગભીરા ગગનતટે.

પણે ક્ષિતિજનું પોપચું, વીર ! ધીમે ધીમે જો ! ઉઘડે :
જોને ! બ્રહ્માંડની કીકી નીરે અમીનું કિરણ સ્ફુરે.

ઓ ! ફાટે ગેબની ગુફા, મંહી જો ! નૂરપૂર ઉછળ્યાં, વ્હાલાં !
કંઈ અજબ રસે, આ દિલ હુલસે,
જો ! પરબ્રહ્મનાં અજવાળાં.

અહો ! આથમે જગઅન્ધકાર, આનન્દફૂવારા ફૂટે :
આથે–આથે બ્રહ્માંડની પાર બ્રહ્માનન્દ જો ! પ્રગટે :
આથે–આથે, ને આત્મા મોઝાર પરમાનન્દ જો ! ઉઘડે.

૭

ઓહો ! જગતઝાળમાં તપ્યાં તપસ્વીઓ !
આત્મઝાંપડીને શોધતા મુમુક્ષુઓ !

પ્રેમકુંજની ઘટાઓ છે સોહામણી.
રસની વાડીની વસન્ત છે રળિયામણી.

આંહી પ્રેમ કેરા ભવ્ય જગત્પ્રાણ છે:
આંહી સનાતન તીર્થ ને કલ્યાણ છે.

રમણભોમ શી વિશાલ છે અગાસીઓ,
ત્યાં પધારજો. રસપન્થના પ્રવાસીઓ !

પરમ પ્રેમનાં પૂજારી હો તે આવજો !
હૃદયથાળમાં પૂજાપો ભરી લાવજો !

✽

૮

અહો ! જોગી તણા જયકાર
ગજવે બ્રહ્માંડ ભરે;
હરિના ધ્વજને ધરનાર
જગે જયયાત્રા કરે.

યુદ્ધ જીત્યો રણસ્થંભ જીત્યો જેહ,
લોક જીત્યો જેણે ક્રોધને જીત્યો:
લક્ષ્મી જીત્યો જેણે લોભ જીત્યો,
કંઇ દુઃખ જીત્યો જેણે શોકને જીત્યો:

ઇન્દ્ર જીત્યો જેણે યજ્ઞ જીત્યો,
અંહી મોક્ષ જીત્યો જેણે આનન્દ જીત્યો:

વિશ્વ જીત્યો જેણે કામ જીત્યો,
અને બ્રહ્મ જીત્યો જેણે આતમ જીત્યો.

હરિના ધ્વજને ધરનાર,
જગે જયયાત્રા કરેઃ
અહો ! જોગી તણા જયકાર
ગજવે બ્રહ્માંડ ભારે.

૧

અહો ! દૂર દૂર ફરના દરવેશ ! હો યોગીન્દ્ર !
આપો દેવના એ દેવના સન્દેશ, હો યોગીન્દ્ર !

આપો દુઃખિયાંને એક દેવબોલ, હો યોગીન્દ્ર !
આપો માનવીને એક પ્રભકોલ, હો યોગીન્દ્ર !

અહો ! અધૂરાં પૂરાય એવી આશ, હો યોગીન્દ્ર !
આપો અન્ધારાં ઉજાળે એ ઉજાસ, હો યોગીન્દ્ર !

અહો ! સદન સદન પુણ્યના સુવાસ, હો યોગીન્દ્ર !
આપો પ્રાણ-પ્રાણ પ્રભુજીના વાસ, હો યોગીન્દ્ર !

❦

૧૮

અહો ! ધન્ય-ધન્ય ! હો !
બ્રહ્માંડ કહે છે કે બ્રહ્મ છે:
અહો ! ધન્ય-ધન્ય ! હો !
દુનિયાં કહે છે કે દેવ છે.

વડાં પાથર્યાં આભનાં પત્ર કાળાં,
લખ્યા તેજના શબ્દથી મન્ત્રમાળા:
દિશાકાલદોરે ગૂંથ્યાં સૌ ખગોળે :
મહાગ્રન્થ બ્રહ્માંડનો બ્રહ્મ બોલે.

અહો ધન્ય ધન્ય હો !
બ્રહ્માંડ કહે છે કે બ્રહ્મ છે.

૧૧

અહો પ્રેમજ્યોતિ ! પરમ પ્રેમજ્યોતિ !
મહાવિશ્વ તુજ આરતી વધાવે :
ચારૂ રવિચન્દ્રની કાન્તિને ઝંખવે
તુજ શિખા એવી જગ આવે.

આત્મનાં કિરણ જગદાત્મનાં કિરણ શું
આયુભરની ગૂંથે ગ્રન્થી,
જ્યોત શું જ્યોત ભળી હોય ઉદ્યોત,
તે ઓળખે પ્રેમનાં પન્થી :
અહો પ્રેમજ્યોતિ ! પરમ પ્રેમજ્યોતિ !

હૃદયને ધામ, ને નયનને ગોખ,
ને ગગનની અગાસીને ખોળે,
સકલ રસસાર સંસારસિંહાસને
ડોલતા દીપ અગી ડોળે :
અહો પ્રેમજ્યોતિ ! પરમ પ્રેમજ્યોતિ !

ૠ

૧૨

અહો ! પ્રેમના પરિમલે પ્રકાશતું

રે ! મ્હારૂં ચંપાનું ફૂલ. ધ્રુવ.

કેસર પાળેલ, કુંકુમકંકોળેલ,

આંખડલી શું અમૂલ;

અધરામૃત સમું અમૃતે ભરેલું,

ભમરા ! એ કાં ભૂલ?

રે ! મ્હારૂં ચંપાનું ફૂલ.

વદનકટોરી શું વિલાસતું

રે ! મ્હારૂં ચંપાનું ફૂલ:

અહો ! હૃદયકટોરી શું વિહાસતું

રે ! મ્હારૂં ચંપાનું ફૂલ.

✽

૧૬

આવજો–આવજો યમુનાઘાટ, ત્યહાં મળશું.

આવજો–આવજો. ગાયો લાવજો,

ત્યહાં ચરાવજો,

આવજો યમુનાઘાટ, ત્યહાં મળશું. ધ્રુવ

એક મીટ બીડું ત્યહાં તો બીજી મીટ ઉઘડે:

વ્હાલાંની જોઉં છું જલતીર વાટ :

યમુનાઘાટ, ત્યહાં મળશું.

આંસુડાં ન નીતરે, ન ઘેન મ્હારાં ઉતરે:

વિરમે ન આંખના ઉચાટ :

યમુનાઘાટ, ત્યહાં મળશું.

પધારો, પધારો, એક તરસ દરસની:
પ્રાણ કેરા માંડી બેઠ્યા પાટ,
યમુનાઘાટ, ત્હાં મળશું.

ફૂલડાં દ્હોશું, પીશું ને પાશું:
મઠુડી ભરી લઈશું જગને માટ:
યમુનાઘાટ, ત્હાં મળશું.

ઘેરી-ઘેરી મોરલીમાં સાગરના શબ્દ વાજો:
લખજો બ્રહ્મલેખ મ્હારે લલાટ.
યમુનાઘાટ, ત્હાં મળશું.

આવજો-આવજો યમુનાઘાટ, ત્હાં મળશું;
આવજો—આવજો, હૈયાં લાવજો
ત્હાં ચરાવજો,
રસયમુનાને ઘાટ, ત્હાં મળશું.

❧

૧૪.

આવો અમારે આંગણે, આવો કદી કદી;
વાળી સમાર્યો ચોક, ત્યાં આવો કદી કદી.

વિલાસો સ્વર્ગના વેરી ભર્યો ભૂરો તવ દેશ;
ગરીબીના કંઇક ગોખે, આવો કદી કદી.

નથી ઉપહાર જેવું કંઇ, હતું તે સૌ ખોયું;
નમન તવ પ્રેમ પાલવડે, આવો કદી કદી.

નથી કંઇ પુણ્યનાં પુંજો સજેલા આ આવાસ;
ટપકતે પાપને મંડપ આવો કદી કદી.

નયન ઝીલી શકે ના તેજ ઝળહળતાં વસ્ત્રાન;
મધુરમધુરી કળા ખીલી આવો કદી કદી.

ઝૂકાવી વિશ્વના અન્ધાર અમૃતને પગલે,
કૃપાથી આંખડી આંજી આવો કદી કદી.

દેવી ! અમારે આંમણે આવો કદી કદી;
પૂર્યો હૃદયનો ચોક, ત્હાં આવો કદી કદી:
આવો અમારે આંગણે, આવે કદી કદી.



૧૯

આવો—આવો !

આવો—આવો, સન્તન સહુ ! આવો-આવો !

ગાવો—ગાવો, આશાગીત ગાવો—ગાવો !

આશ ભર્યો, યૌવન ભર્યો, જીવન ભર્યો
આવો—આવો !

યજ્ઞ કેરાં ઓજસ ઓપે, દર્શન હ્યો, તમસ લોપે;
ઉર—ઉર જ્યોતિ રોપે: આવો—આવો !

આશ ભર્યો, યૌવન ભર્યો વિ.

ઊર્મિ સમો ધ્વજ ઊડે, નિરાશા-નિઃશ્રદ્ધા ખૂટે
આશાને મન્દિરે રૂડે આવો—આવો !

આશ ભર્યો, યૌવન ભર્યો વિ.

આત્મ શું વિશાળ વ્યોમ, પ્રેમભક્તિની આ સોમ:
બ્રહ્મ વહે રોમરોમ: આવો—આવો !
આશ ભર્યો, યૌવન ભર્યો વિ.

૧૬

ઉગે છે પ્રભાત આજ ધીમે ધીમે;
ઉગે છે ઉષાનું રાજ્ય ધીમે ધીમે;
ઉગે છે પ્રભાત આજ ધીમે ધીમે.

રજનીની સુંદરીના
છેડાના હીરલા શા
ડૂબે છે તારલા આજ ધીમે ધીમે:
ઉગે છે પ્રભાત આજ ધીમે ધીમે.

પરમ પ્રકાશ ખીલે,
અરુણનાં અંગ ઝીલે :
જાગે પ્રભુ વિશ્વમાં આજ ધીમે ધીમે:
જાગે પ્રભુ જીવમાં આજ ધીમે ધીમે:
ઉગે છે પ્રભાત આજ ધીમે ધીમે.

૧૭

ઉંચાં આકાશ, મ્હારી બ્હેનડી !
આભલાંની આછી આછી ચુંદડી !
માંહી તારાની ભાત—
માંહી તારાની ભાત:
ઉંચાં આકાશ, મ્હારી બ્હેનડી !

વગડે ને વગડે કે વેલડી :
માંહી ફૂલડાંની ભાત—
માંહી ફૂલડાંની ભાત:
ઉંચાં આકાશ, મ્હારી બ્હેનડી !

*

૧૮

એક જ્વાલા જલે તુજ નેનનમાં,
રસજ્યોત નિહાળી નમું–હું નમું;
એક વીજ ઝગે નભમંડલમાં,
રસજ્યોત નિહાળી નમું–હું નમું.

મધરાતના પ્હોર અઘોર હતા;
અન્ધકારના દોર જ ઓર હતા;
તુજ નેનમાં મોરચકોર હતાઃ
રસજ્યોત નિહાળી નમું–હું નમું.

.

અહા ! વિશ્વનાં દ્વાર ખુલ્યાં-ઉઘડ્યાં;
અહા ! અવધૂતને બ્રહ્મયોગ મળ્યા;
અહા ! લોચન લોચન માંહિ ઢળ્યાં:
રસજ્યોત નિહાળી નમું-હું નમું.

.

દૃગબાણથી પ્રારબ્ધ લેખ લખ્યો;
કંઇ પ્રેમીએ પ્રેમપથી પરખ્યો;
અને આત્માએ આત્મને ઓળખ્યો:
રસજ્યોત નિહાળી નમું-હું નમું.

૧૯

ગાય શા ગુણાનુવાદ ત્હારા ! કહો જયતિ જય !
જયતિ જય પ્રેમજ્યોતિ ! ત્હારા, અહો ! જયતિ જય !
દેશદેશે, ખંડખંડે, ભોમભોમે
જયતિ જય !

જયતિ જય ! જીવનજ્યોત !
જયતિ જય ! ઉરઉદ્યોત !
જયતિ જય ! ઓતપ્રોત !
આયુની રસધારા : અહો ! જયતિ જય !
ગાય શા ગુણાનુવાદ ત્હારા ! વિ.

લોકલોકનો ઉજાસ,
દેવદેવનો સુવાસ,
યુગયુગનો એ ઉચ્છ્વાસ
પરમ પ્રેમનો પ્રકાશ :
ગાય શા ગુણાનુવાદ ત્હારા ! વિ.

દેશદેશે ખંડખંડે ગ્રામગ્રામે
ગાઓ, સહુ મહિમા એ ગાઓ—ગાઓ.

નરહૃદયના નારીપૂજન,
નારીહૃદયના નરપૂજન,
ગાઓ—ગાઓ.

દેશદેશે ખંડખંડે ગ્રામગ્રામે વિશ્વવિશ્વ
ગાઓ, સહુ મહિમા એ ગાઓ—ગાઓ.

ગાય આ ગુણાનુવાદ ન્હાના ! કહો જયતિ જય !

ૐ

૨૦

ઘન ગગન ચ્હડી કરે ઘોર શોર;
ભણે તુજ કુલયશના જોર—દોર;
ઘન ગગન ચ્હડી કરે ઘોર શોર.

નિરખો ઉજાસ, નૃપ ! લાગ્યો ભોર,
વનવન ગરજે, નૃપ ! મોર મોર;

ઝીણી જલઝંકાર
ઉગતે પહોર
ભણે બિરદ ઓર
નૃપ ! ઠોર ઠોર.

ઘન ! ગગન ચ્હડી કરે ઘોર શોર.

૨૬

ચાલો, ચાલો, સલૂણી ! રસકુંજમાં.


ચાલો, ચતુર સુજાણ !
ઉગ્યા નયનોમાં ભાણ;
મ્હારા પરમ કલ્યાણ !
રસકુંજમાં.

ચાલો રસની સરિતાને ઘાટ હો !
ચાલો ફૂલડાં ને વેલી પૂરે વાટ હો !
મ્હારા રસિયાને માટ
રસકુંજમાં.

ખીલ્યા સુન્દર શો બાગ ! (૨)
માંહી મધુરા પરાગ: (૨)
મ્હારા અખંડ સૌભાગ્ય !
રસકુંજમાં.

ચાલો, ચાલો, સલૂણી ! રસકુંજમાં.

જગતથી શાંતતા માટે એમ એ વિશ્વ તરફ છોડ્યું
પ્રભુના આગળ સર્વ મન્ત્ર જાણી લીધું કોઈ
[illegible] એ અંકુર [illegible] સર્વ વાણી રાખ્યા
[illegible] એ અંકુરની વૃત્તિ [illegible] એ [illegible]
[illegible] સાથે [illegible] એ દિશા સર્વ આજ [illegible]
[illegible] આ [illegible] વિશ્વ વળતી વિનીતો [illegible]
[illegible] વિશ્વાસની [illegible] પાસે જઈ કોઈ
[illegible] સંબંધો [illegible] પ્રેરણા
[illegible] રોકવામાં છે
[illegible] સ્વાર્થ [illegible] થાય [illegible]



ચાલો, વનની કુંજ નિહાળો, સખિ !

આજે પ્રેમભૂખી મ્હારી આંખડીઓ:

ચાલો, વનવિસામે વિરામો, સખિ !

આજે પન્થથાકી મ્હારી આંખડીઓ. ધ્રુવ

કોઈ કુદરત લોલ-વિલોલ દીઠી,

કોઈ સુન્દરતાની સુરમ્ય પીઠી:

પણ વનની વાત તો ઓર મીઠી :

આજે પ્રેમભૂખી મ્હારી આંખડીઓ:

કંઇ ભરછક દ્હાડે ભૂગોળ હતો,
કંઇ તગતગ રાતે ખગોળ હતો ;
પણ ઘડી ઘડી સહુ સૂનકાર હતોઃ
આજે પન્થથાકી મ્હારી આખડીઓ.

એક બાલપણાનાં મીઠાં સ્મરણાં,
એહ યૌવનની કંઇ રસરમણા !
દગદગથી વહે પ્રેમનાં ઝરણાં !
આજે પ્રેમભૂખી મ્હારી આંખડીઓ !

ॐ

૨૬

જગત ઝૂલે રસઝોલે,
અદ્‌ભુત કો પ્રેમને હિન્ડોલે,
હિન્ડોલે, હિન્ડોલે:
ઝૂલે રસઝોલે.

ભરતી અનન્તં ડોલે,
બ્રહ્માંડો ભીંજે છોળે,
પરબ્રહ્મ કેરે ખોળે:

ઉરે-ઉરે કોકિલા કો બોલે,
કલ્લોલે, વિલોલે:
ઝૂલે રસઝોલે.

૨૪

જગતની ભૂલભૂલામણીમાં
રખે ! બાપુ ! ભૂલા પડતા :
જજો, શૂર શા, જીવનપન્થે
શીખો. ઇતિહાસને ઘડતા.

નદીનું આ વહે ઝરણું,
કિરણ ઉતરે પ્રભાવરણું:
સજન ! એ ભાગ્યનું ભરણું :
અમૃતનો ઓઘ જો ! ચડતો.

જગત જાગ્યું ! જો ! પુકારે છે.
'શું આવે કો ? ઉગારે છે !'
કુંજર એ આર્ય ! ત્હારે છે,
યુગો યુગના ઉર ઉડતો.

વરસ એ ગેહુલે ત્હારે,
બીજીવ જગને સુધાધારે:
જૂવે તુજ વાટ ભવઆરે,
ભૂખ્યાંતરસ્યાંના આત્મન્ તો.

જગતની ભૂલભૂલામણીમાં
રખે ! બાપુ ! ભૂલો પડતો.

*

૨૯

જયતુ ! અયિ ! જયતુ ! જગજ્જેત્ર ! ત્હારા.

કોટિ ભડ વીરના શૌર્ય શું શૌર્ય હો !
કોટિ ગજસિંહના જોમ શું જોમ હો !

કોટિ નરનારની ભક્તિ શી શક્તિ હો !
કોટિ રવિચન્દ્રની કાન્તિ શી કીર્ત્તિ હો !

હસ્તે બલપૂર હો !
પાલને અભય હો !
નેત્રે સુરઅગ્નિ હો !
ભાલે જયજ્યોત હો !
જયતુ ! અયિ ! જયતુ ! જગજ્જેત્ર ! ત્હારા.

❀

૨૬

જય ત્રિભુવનેશ્વરી !

જય લોકલોકની વિધાત્રિ ! જય મહેશ્વરી !

જય સદ્બુદ્ધિ ! સ્મૃતિ ! ધૃતિ ! જય પુણ્યપ્રેરણા !
જય ત્રિગુણાત્મની માયા ! જય જગચ્ચાદેશના !
જય મહાશક્તિ ! દુર્ગે ! જય વિશ્વચેતના !
જય ત્રિભુવનેશ્વરી !

જય આશાપૂરી ! સહુપ્રકાશિનિ ! પૂર્ણકલા હો !
જય જીવનશ્રી ! સુન્દરતા ! સ્વર્ગ સુધા હો !
જય બ્રહ્મલીલા ! બ્રહ્મછાયા ! બ્રહ્મપ્રભા હો !
જય ત્રિભુવનેશ્વરી !

જય અર્ધ્યે ! જયધ્વજધારી વિશ્વવિજયિની !

જય ધાત્રી વિભુ વિરાટની ! જય સર્વપાવની !

જય જગત્જનની અંબે ! જય બ્રહ્મસ્વામિની !

જય ત્રિભુવનેશ્વરી !

જય લોકલોકની વિધાત્રી ! જય મહેશ્વરી !



૨૭

જયના જ્યોતિ જગત વધાવશે:
એવાં અમરોનાં બાળ,
એવાં અમરોનાં બાળ :
જયના જ્યોતિ જગત વધાવશે.

એને વદને વસન્ત કેરાં ફૂલડાં ઉગે;
એને નયને તો સૂર્યના પ્રતાપ ઝગઝગે:
એને હૈયે
હો ! એને હૈયે
ના મેઘની ઉદારતા લ્હે :

એવાં અમરોનાં બાળ,
એવાં અમરોનાં બાળ
જયના જ્યોતિ જગત વધાવશે.

૨૮

જય ! જય ! કુમાર ! આવો,
સાહેલી સહુ ! વધાવો;
આનન્દ આનન્દ આજે, વિજય વાજે
દિશદિશ ગાજે :
યશકુમાર ! આવો,
સાહેલી સહુ ! વધાવો.
જય ! જય ! કુમાર ! આવો.

જગત જૂવે છે વાટડી, હો ! આવો;
અમૃત આણ્યાં તે લોકને ધરાવો;
સુરના સન્દેશ પૃથ્વિને સુણાવો :

દેવનાં દુંદુભી વાગે,

બ્રહ્માંડ જાગે,

જયપરાગે

યશકુમાર! આવો,

સાહેલી સહુ! વધાવો

જય! જય! કુમાર! આવો.

૨૯

જરા બાલાને બળતી બચાવો, સજન!
બાલાને બળતી બચાવો રે,
જરા બાલાને બળતી બચાવો, સજન!

આશા ભર્યાં ઉછરતાં પ્રિય બાલબાલા.
સંસાર મધ્ય વડવાનળ કેરી જ્વાલાઃ
બાલાને બળતી બચાવો રે,
જરા બાલાને બળતી બચાવો, સજન

પોષ્યાં દૂધે અમૃતથી અજવાળી ગોરાં,
તે વત્સ કાજ વિષઅશ્રુ તણા કટોરાઃ
બાલાને બળતી બચાવો રે,
જરા બાલાને બળતી બચાવો. સજન!

૬૦

જરી તે શાન્ત લજ્જન ધાર.

લોલવિલોલ કપોલનો ત્હારો ગુલરેખ મોહનમંત્ર
સહૃદય કોઈ કુમારના કદી કરશે સ્નેહ યતન્ત્ર:
અહો ! તુજ મદભર ગુલગુલશાન.

ઉંચે ઉગે જો ! આકાશમાં શાણી ચન્દ્રીની શરદની રેખ;
શીતળ ત્હેની સાન્ત્વના ભૂંશી નયનશરે ન આલેખ
સખિ ! રસમરતાનો આનન્દ.

ફૂલગુલાબી ત્હારી ઓઢણી, ત્હેમાં છૂપલા છાયા મોર;
દાણી દષ્ટે ત્હેને ઘેર ના, એ તો મુગ્ધ હૃદયના ચોર:
હૃદયપટ તુજ પર નર્ત્તના.

મરકલડાં મીઠાં મુખનાં, મધુવદતા વદનના વિલાસ,
લોકભૂખ્યા કોઈ સ્નેહીનું ભીંડું હૃદય ચોરી લેશે આશઃ
મનોગમ એ મુખના સન્દેશ.

વારી લે, જરી વારી લે ત્હારા રમતા રસીલા એ ભાવ;
ખોટું હૃદયનું ખેંચતું ત્હેમાં લાડકડી ! નથી લ્હાવઃ
પ્રભુનાં જો ! નયનો નિરખે.

શીલ્પીએ ઘડી રાજપૂતળી, કાંઇ પૂર્યાં ચિતારે મંહી રંગ;
તુજ હસતું વદન કોણ દોરશે ? પેલો રમ્ય હૃદયઉછરંગ
ગહન નયનોમાં ઝળહળતો ?

❦

૬૧

જોગીડા ! વસમી આ વનની વાટ.

વસમી—વસમી

વસમી આ વનની વાટ

જોગીડા ! વસમી આ વનની વાટ

નથી વડલા કે વિસામા વનમાં,

નથી નદીઓને ઘાટ :

જોગીડા ! વસમી આ વનની વાટ.

આથમે દિન, પણ કદી યે ન આથમે

અન્તર કેરા ઉચાટ :

જોગીડા ! વસમી આ વનની વાટ.

ઝેર

ઝીલો પ્યારે ! ઝીલો જલ જે ઝીલાયું;
અમારી આંખમાં નહિ આંસુ માયું.

જમીન પડશે, જમીન જલશે સદા તો;
પધારો, ગોદમાં હવો એ નમાયું.

પલક-ઘડી યે ન થંભ્યું તે; અરેરે !
હઠીલું નીર વહી ચોધાર ધાયું.

વિધિ ! તુજને શું હપેંઠા વીર ! હેવો ?
અમીપ્યાલો બતાવી ઝેર પાયું.

કીધાં જમણે કરે જે કામ ભવમાં,
શું ડાબે હાથ ફલ આ ત્હેનું સહાયું ?

પ્રભો ! ક્યહાં આજ બેઠા નેત્ર મીંચી ?
રડે આ બાળુડું, નથી જો ! પરાયું.

રુદન ! ઉઠ, ફોડ નભ પ્રભુને જગાડી ?
નથી ચેતન કદી જડમાં સમાયું.

૩૨

તરછોડો શું હાથ ?
પ્રિયંવર ! શું તરછોડો હાથ ?

તરછોડી હૈયે થકી જાય તો
જાણું ખરા જગનાથ :
પ્રિયંવર ! શું તરછોડો હાથ ?

નહિ છૂટે સંગાથ :
પ્રિયંવર ! શું તરછોડો હાથ ?

૩૪

દિલનાં પીંજરમાં પૂરાણી પ્રેમની પંખિણીઃ
મનની મનાઇ ત્હાં મહારાણી, પ્રેમની પંખિણી.

માપી લીધો મહાસિન્ધુ જેમ અંજલિએ,
માપી લીધો પ્રેમસિન્ધુ એમ એક મીટેઃ

પછી આવરીને આંખડી ઉભી રહી, સખિ !
પછી ટાળી દગપાંખડી ટળી રહી, સખિ !
દિલનાં પીંજરમાં પૂરાણી પ્રેમની પંખિણી.

આત્મડાળે બેઠી જોતી આકાશમાં,
જીવનવનમાં ઉડન્તી જે ઉલ્લાસમાં,
હવે પંખિણી પૂરાણી પીંજરપાશમાં,
રસનાં ફુલડાંની સુવાસમાં,
અણદીઠાં અમૃતની આશમાંઃ
દિલનાં પીંજરમાં પૂરાણી પ્રેમની પંખિણી.

❦

૩૯

દેવ દેવભાગથી સન્તોખજો રે,
દેવ ત્હમને સન્તોખશે;
હરિનાં હવિ સદા સમર્પજો રે,
હરિ ત્હમને હસાવશે.

ત્હને જગની વિભૂતિઓ વધાવજો;
ત્હને દેવતાઓ દિવ્યતા સજાવજો;
અમરનાથ અમર કીર્તિથી ઝુલાવજો:

કાળના કિરીટ પ્હેરજો, બાળ !
તરીશ. જા. વૈજયન્તી વરમાળ.

દેવ દેવભાગથી સન્તોખજો રે વિ.

૩૬

ધન્ય હો ! ધન્ય જ પુણ્યપ્રદેશ !
આપણો ગુણિયલ ગુર્જર દેશ :
કૃષ્ણચન્દ્રની કૌમુદીઉજળો,
દીધ પ્રભુએ ય સ્વદેશ :
આપણો ગુણિયલ ગુર્જર દેશ.

આર્યનું સાગરતીર્થ પુરાણ,
તપોવન ભૃગુવસિષ્ટના ભાણ;
ગીતાના ગાનારા મહારાજ
પાર્થના સારથીના જ્યાં રાજ્ય :

ગ્રીસરોમથી ય જૂનાં,
કુરુપાંડવથી યે પ્રાચીન,
સોમનાથ, ગિરિનગર, દ્વારિકા :
યુગયુગ ધ્યાનવિલીન :
ઉભીને કાલસિન્ધુને તીર
બજાવે બંસરી ભવ્ય સુધીર.

ધન્ય હો ! ધન્ય જ પુણ્યપ્રદેશ.

※

૩૭

નમેરા એ હૃદયના ભાવ, વ્હાલી!
તથાપિ ઉર લે રસલ્હાવ, વ્હાલી!

મહાતોફાન જીવનમાં છવાયાં;
રમો તુજ વ્યોમમાં રવિતેજ, વ્હાલી!

મળ્યું સૌભાગ્ય, ચિર ત્હારૂં વિરાજે!
વધાવીશું વધી આનન્દ, વ્હાલી!

અહો! મુજ કંટકો વેરેલ શય્યા;
ગુલાબી આવજો તુજ નીંદ, વ્હાલી!

પ્રભા ને મંજરીના હાર ગૂંથી
ધરાવો દેવસખી તુજ શીર્ષ, વ્હાલી!

વિમલ સ્નેહાંજલિથી પાય ધોવા,
રહ્યાં તે રાત્રિનાં મુજ સ્વપ્ન, વ્હાલી !

પ્રકાશે તેજ ભરી આકાશ તારા;
ઊંડાં અન્ધારનાં મુજ ગીત, વ્હાલી !

ધીરી; અયિ ! બન્ધનો તોડી ઉડીશું;
ભર્યા સ્નેહે પ્રભુના દેશ, વ્હાલી !

卐

૩૮

નયણાં મ્હારાં નીતરે,
કોઈ લ્યો નયણાંની ધાર:
સાગર મ્હારા છીછરે,
કોઈ લ્યો સાગરની સાર.

અભ્યાગતનાં આંસુડાં,
કોઈ લ્યો હૈયડાંના ભાર:
પરમારથનાં ફૂલડાં
ફ્હોઈ આપો કો આધાર:
હો ! કોઈ લ્યો નયણાંની ધાર.

સ્મરણે સંકટ સાંપડયાં,
કોઇ ઘો સ્મરણોનાં દ્વાર;
કરણે કારણ ના જડયાં,
કોઇ કહો કરણોનાં કાર :
હો ! કોઇ લ્યો નયણાંની ધાર.

ઉરના સાગર ઝીંઝરે,
કોઇ લ્યો ઉર કેરી સાર;
નયણે આત્મા નીતરે,
કોઇ લ્યો આત્માની ધાર :
હો ! કોઇ લ્યો નયણાંની ધાર.

※

૩૦.

નેણલાંનાં કિરણ ફેરી ફૂંચીએ હૈયાં ઉઘાડજો !
રેલશે રતનભંડાર,
દેવ ! હૈયાં ઉઘાડજો !

વાયુની વિહારલહરીએ ચડી હૈયાં ઉઘાડજો !
ગિરિવરનાં ખોલજો દ્વાર,
દેવ ! હૈયાં ઉઘાડજો !

આભલાંની પાંખે બેસી ઉડજો, હૈયાં ઉઘાડજો !
ગગનઘુમ્મટ સંચરે બાર,
દેવ ! હૈયાં ઉઘાડજો !

નેણલાંનાં કિરણ ફેરી ફૂંચીએ હૈયાં ઉઘાડજો !

*

૪૦

નેણલે પધરાવી ચન્દ્ર ! પૂજું–પૂજાવું,
મ્હારા રસિયાને કંઈક ત્હારાં હાસ જો હસાવ:
મ્હારા રસિયાને કંઈક ત્હારાં હાસ જો હસાવ.

ફૂલ્યાં ફૂલડાં સલૂણાં કોક કહી જશે:
આવી વિધુમુખી વસન્ત રાજ ! વહી જશે:
મોંઘા મનના મનોરથો ય રહી જશે :

પિયુ ! કોકિલા બોલાવે, આંબામંજરી ઝૂલાવે,
ચન્દ્રદેવ આ મનાવે, રસિકરાજ ! હો મનાવ;
રસિકરાજ ! હો મનાવ.

નેણલે પધરાવી ચન્દ્ર ! પૂજું–પૂજાવું.
મ્હારા રસિયાને કંઈક ત્હારાં હાસ જો હસાવ.

૬

૪૧

પધારો, પંખીડાં પરદેશવાસી હો !
પધારો, મોકળી છે અમ અગાસી હો !

કુશળ છે ત્હાં પ્રજા ને સૌ પ્રજાના પાલ ?
કુશળ છે રાજ ! ત્હાં મિત્રોની રાશી હો !

કુશળ વાયા, અનિલ પન્થે પ્રભુપ્રેરેલ ?
કથા કંઇ તો કહો, વ્હાલાં પ્રવાસી હો !

કહો, ધાડી સખા ! કે પાતળી રજની ?
પ્રભા કેવી મધુરમધુ ત્હાં વિલાસી હો !

પધારો આગળા ઉંચરે જ અન્તરના:
 વિરાજો દેવસંગે દિવ્યવાસી હો!

પૂછશું દેવ સમ, પૂછશું ફુલ સાથે;
 ચીંઝી પાંખો ઉડાવો રજ સુવાસી હો!

અને-કાંઇ ખબર દેશો સખી કેરી?
 તમે આવ્યાં છતાં યે શું ઉદાસી હો?

પધારો, પંખીડાં! મુજ પ્રાણવાસી હો!
 પધારો, મોટળી છે ઉરઅગાસી હો!

૪૨

પરમ પ્રેમ પરબ્રહ્મ.

માત પ્રેમ, તાત પ્રેમ, પુત્ર પ્રેમ, પુત્રી પ્રેમ:
દમ્પતીના દેવ પ્રેમ, પ્રેમ છે સંસારસાર :
પરમ પ્રેમ પરબ્રહ્મ.

દયા પ્રેમ, દાન પ્રેમ, ભક્તિ પ્રેમ, જ્ઞાન પ્રેમ;
યોગ પ્રેમ, મોક્ષ પ્રેમ, પ્રેમ તે સંન્યસ્તાધાર :
પરમ પ્રેમ પરબ્રહ્મ.

સ્થૂલ પ્રેમ, સૂક્ષ્મ પ્રેમ, વિશ્વ કેરો મન્ત્ર પ્રેમ;
સૃષ્ટિનો સુવાસ પ્રેમ, પ્રેમ તેજ કેરો પાર :
પરમ પ્રેમ પરબ્રહ્મ.

આત્મનો વિકાસ પ્રેમ, જીવનપ્રકાશ પ્રેમ,
પ્રેમ–પ્રેમ, સર્વ પ્રેમ : પ્રેમનો આ પારાવાર :
પરમ પ્રેમ પરબ્રહ્મ.



૪૩

પરમ શબ્દ એ સુણો,
હો ! પરમ શબ્દ એ સુણો,
બોલે બ્રહ્માંડે બ્રહ્મબંસરી તણો ;
રહે આનન્દ–આનન્દ સ્થૂલસૂક્ષ્મનાં કણો :
પરમ શબ્દ એ સુણો.

એ શબ્દ કો ગહન આત્મિક વાણ બોલે,
એ શબ્દ વીંધી ત્રણ લોક અપાર ડોલે.
મન્દ–મન્દ જેમ ફોરે મધુર ફૂલડાં સખિ !
ચન્દ્ર–ચન્દ્ર જેમ વહે અમૃતચન્દ્રિકા, સખિ !
એવી ધીરી.
એવી ધીરી ઓ અધીરી ! બજે બ્રહ્મબંસરી :
પરમ શબ્દ એ સુણો.

માની મહાસમય માનવભાગ્યનો, હો!
કલ્યાણમંગલ જાણે સુરમંડલીઓ.

ગાજે દેવતાનાં દુંદુભી આનન્દનાં.
ગીત નન્દનનાં નન્દિની ને નન્દનાં :
ઉડે પડ્યો અનન્તતાની ઝાડીમાં ઘણો,
ઝીણી તારલીનાં કિરણ સરિખડો ઝીણો ઝીણો :
પરમ શબ્દ એ સુણો.

૪૪

પિયુ ! પ્રેમનું પ્રભાત,
પિયુ ! પ્રેમનું પ્રભાત,
પ્રગટ્યા પ્રકાશ પરમ સ્નેહના જો !

પિયુ ! ઉતરી એ રાત,
પિયુ ઉતરી એ રાત.
સૂરજો તપે છે દિલે–દેહમાં જો !

અમે આશાને આંગણે ઉભાં હતાં;
અમે ભાવીનાં આભમાં જોતાં હતાં;

ઉગી ભાગ્ય કેરી ભાત,
ઉગી ભાગ્ય કેરી ભાત.
ઉઘડ્યા ઉજાસ સૌભાગ્યના જો !
પિયુ ! પ્રેમનું પ્રભાત.

૪૭

પુરના પરદેશી ! અમારે તીર્થે ય આવજો:
ઓ આતમદેશી ! આત્માને તીર્થે ય આવજો.

ગંગા નથી, સ્નેહગંગાનો ઘાટ આ
ત્હમારે પગલે સુહાવજો :
પુરના પરદેશી ! અમારે તીર્થે ય આવજો.

જોગી–વૈરાગીની સાથે સન્દેશડા
પુણ્યાળુ ! પુણ્યનો કહાવજો :

ઓ તીરથવાસી ! આત્માને તીર્થે ય આવજો;
ઉરના જગવાસી ! અમારે તીર્થે ય આવજો.

❦

૪૬

પેલા આભઝરૂખે અભંગ
સજનિ ! સ્વર્ગનાં વાગે મૃદંગ.

ધીરાં હો ! ધીરાં, હૈયાં શાં, વાગે,
જગમાં પડે પડછન્દ;
ધિનિકિટ ધિનિકિટ મધુરાં શાં ગાજે
આયુષ્યના આનન્દ :
પેલા આભઝરૂખે અભંગ
સજનિ ! સ્વર્ગનાં વાગે મૃદંગ.

ઉર–ઉરને આમન્ત્રણ આવે,
ચાલ સખિ ! દેવદ્વાર;
પ્રેમનો પારાવાર ડોલે ત્ય્હાં,
પૃથ્વીમાં સ્વર્ગ ઉતાર :
પેલા આભઝરૂખે અભંગ
સજનિ ! સ્વર્ગનાં વાગે મૃદંગ.



૪૭

અભો તુજ દ્વારમાં ઉભી જગાવ્યો મ્હેં અહાલેક !
જગતના ચોકની વચ્ચે જગાવ્યો મ્હેં અહાલેક !

નથી લીધી અભો ! દીક્ષા, નથી ઓઢી કફની ;
નમી તુજ પાય સ્હું ત્હેવો જગાવ્યો મ્હેં અહાલેક !

કમંડલ માહરૂં ખાલી, ભર્યું તુજ અક્ષયપાત્ર ;
દીઠી ભંડારમાં ભિક્ષા, જગાવ્યો મ્હેં અહાલેક !

ઘટા ઘેરી પડી નભની, ન મુજ નયનો ભેદે ;
શ્રવણ તે ભેદશે ત્હારાં ? જગાવ્યો મ્હેં અહાલેક !

વિરાજે છે તું દિલદરિયાવ, અયિ અદ્‍ભુત યજમાન !
અણુ શું તો અમીકણ દે, જગાવ્યો મ્હેં અહાલેક !

ઘડાવી પાવડી જગનાથ ! અવૃત્તિ કેરી ;
ચ્હડી તે પર જીવન ધપતાં જગાવ્યો મ્હેં અહાલેક !

નહીં કાંઇ મળે ત્હો યે મળ્યું દર્શનનું દાન :
મળી—સળગી મીટે મીટ, ને જગાવ્યો મ્હેં અહાલેક !

ઊંડી ઝોળી રહી અધૂરી, જરી તલ ભીંજાયું ;
જડ્યું જીવનું જીવન મ્હારૂં, જગાવ્યો મ્હેં અહાલેક !

જગતના ચોકની વચ્ચે જગાવ્યો મ્હેં અહાલેક !
પ્રભો ! તુજ દ્વારમાં ઉભી જગાવ્યો મ્હેં અહાલેક !

૪૮

પ્રીછજો એ પ્રેમને, હો પૌરવકુલમોર !
આપ ચન્દ્રદેવ, એ ચતુરા છે ચકોર.

આભકાંઠે ઉભી જગ કરો છો ઝાકઝોકાર :
એક એને નહિ ઉજાળો ? અમૃતના ચોર ?
આપ ચન્દ્રદેવ, એ ચતુરા છે ચકોર.

આઘું જૂવે, પાછું જૂવે, સંકારે સાણુકાર;
અણબોલી ઉડન્તી કરે આંખડલી મદશોર :
પ્રીછજો એ પ્રેમને, હો પૌરવકુલમોર !

૪૯.

૪૯

પ્રેમનો પદારથ પારખો, રે પરખન્દા સન્તો !
કામનાનાં કૌવચ ઓળખો, રે પરખન્દા સન્તો !

આ શુક્ર ઉગ્યો, ને ગુરુ ઉગ્યો,
ન્હો ય અજવાળાં આજે ન થાય;
પણ ચન્દ્ર ઉગ્યે સોળપાંખડી
પેલાં અન્ધારાં રાતનાં ધોવાય
રે પરખન્દા સન્તો !

કામનાનાં કૌવચ ઓળખો રે પરખન્દા સન્તો !
પ્રેમનો હીરલો પારખો, રે પરખન્દા સન્તો !

❦

૫૦

પ્રેમાનન્દજ્યોત જાગી આજ પ્રેમમન્દિરે ;
પુણ્યનાં પ્રારબ્ધ નેને દેવના દીવા કરે :
પ્રેમાનન્દજ્યોત જાગી આજ પ્રેમમન્દિરે.

શુભના સન્દેશ વાયા, આવ્યા પ્રેમજોગીરાયા;
અમૃતની ભરતી દિલની ઉર્મિઉર્મિએ તરે :
પ્રેમાનન્દજ્યોત જાગી આજ પ્રેમમન્દિરે.

ગેબગેબમાંથી ગુંજે પડઘા આ પ્રેમકુંજે;
પ્રેમદેવની ઘૂમે છે આરતી ઉરે ઉરે :
પ્રેમાનન્દજ્યોત જાગી આજ પ્રેમમન્દિરે.

૮૧

ફૂલ વીણી વીણી ગૂંથ્યો મ્હેં તો હાર રે,
હું તો વેચવાને નીસરી.

ફૂલડે વધાવે, આવો, નાનકડી નાર :
કોઈ લેશો કે ?
મૂલવશો કે ?
ફૂલ વીણી વીણી વિ.

પુષ્પરંગી મોગરા ને પાપરંગી ડમરા:
પ્રેમમાં પરોવી મ્હેં તો આંસુડાંની ધાર :
કોઈ લેશો કે ?
મૂલવશો કે ?
ફૂલ વીણી વીણી વિ.

૯૨

બતાવો કોઈ પ્રેમની એ કુંજ કેરી કેડી :
હૈયાવેધણ મોરલી મનમોહને જ્યહાં છેડી;
બતાવો કોઇ પ્રેમની એ કુંજ કેરી કેડી.

કવિતાના કોડ ભરી, પ્રેમનાં પીયૂષ ભરી
વાડીઓ ન લેશો કોઇ વેડી :
કારમા કામણના–રૂપના લાવણ્યના એ
મોહિનીના મંડપે મ્હને તેડી :
બતાવો કોઇ પ્રેમની એ કુંજ કેરી કેડી.

☙

૯૩

બાલા ! ઉગે ઉગે ત્ય્હાં વળી આથમે રે લોલ;
બાલા ! ઉદયાસ્ત વાદળીને પાંખ;
 મ્હારે જોવી જોવી, ને રોવી ઠરી રે લોલ.

બાલા ! ઉઘડે ઉઘડે ત્ય્હાં બીડાય છે રે લોલ;
બાલા ! મટકાં એ વીજળીને આંખ:
 મ્હારે જોવી જોવી ને રોવી ઠરી રે લોલ.

✿

૫૪

બોલે–બોલે છે ગિરિઓમાં મોર,
ઢેલડ ટહૂકા કરે;
મ્હારે અન્તર ઉછળે અંકાર,
જીવન ઝોલે ચ્હડે.

નથી જીવનનો બોલ જ્યા ! એ,
નથી ટહુકા એ આત્મનનો;
નથી ઉરઝરણાં,
એ ભ્રમરસણા;
એ ઘોર ધ્વનિ કંઇ વનવનનો.

બોલે—બોલે છે શિખરોમાં દેવ,
દેવીઓ હાસ્યે હસે;
મ્હારા આયુષ્યનો અવશેષ
શિખરે ને વગડે વસે.

નથી જગતનો મન્ત્ર જગા ! એ,
નથી ન્હોતરૂં એ અમરોનું:
નથી પ્રભુપ્રેરણા,
એ સહુ ભ્રમણા:
એ છન્દરનાગ કંઇ અસુરોનું.

ઝોલે-ઝોલે છે ગિરિઓમાં ગોર.
ઢેલડ ટહુકો કરે:
મ્હારે અન્તર ઉછળે અંકાર
જીવન ઝોલે ચ્હડે.

૫૫

બ્રહ્માંડ બ્રહ્મે પાથર્યું ગુલકુંજ સમ રૂડું

ત્હાં એકલો ઉડું:

જન, જગત, સૂર્ય, સુહાગી જ્યોત્સ્નાઃ વિશ્વ બહુ રૂડું.

પણ એકલો ઉડું.

બીડયાં પ્રગટતાં પાંચ મ્હેં, પડ્યો પડ્યો 'અહાલેક,'

સુણ્યું સાધુઓએ 'એક:'

હિમમાળ કેરાં શિખરશિખરે શબ્દ એ ફૂંકું :

હું એકલો ઉડું.

રસના ઉછળતા મોજ ! અયિ સૌન્દર્યના સિન્ધુ !

મુજ ખૂટિયાં બિન્દુ:

વિધુબાલ ! મા છળતી મ્હને, પડશે રખે ફૂકું :

હું એકલો ઉડું.

ગર્જે મહાનદ ખીણ ભરી, નભ એ ઝીલે ઝમકાર,
ભીષણ ઢળે જલધાર;
આઘી ગુફાઓ જોગીની, ગૂઢ મન્ત્ર ત્યહાં છોકું:
ને એકલો ઉડું.
દીધું વિધિએ તે પીધું, લીધું રૂપ અવધૂત ઘોર,
તોડી જગતના તોર;
ભયભૂલણી જગઝીલ છો ભાખે હવે ભૂંડું :
હું એકલો ઉડું.
મૂંઝવે મનુજને એવી આ વનવન વહે એકાન્ત,
પશુબોલ પડિયા શાન્ત;
અંધોળ કરી આનન્દના વાઘા વિરલ ઓઢું,
ને એકલો ઉડું.
સુન્દર ભલે સૃષ્ટિ હજો મનમોહિની અભિરામ,
ન્યારાં અમારાં ધામ;
એકાકી આભે ઉતરી, એકાકી ભમી, બૂડું :
હું એકલો ઉડું.

૫૬

ભવસાગરમાં ડોલે હો ! માનવનાવ.

જો ! પૂર ઘૂમે,
તોફાન ઝઝૂમે;
કાલના તરંગે હો ! કરે આવજાવ,
માનવનાવ.

મહાસાગરમાં ડોલે હો ! માનવનાવ.

卐

૯૭

મનનો હરનાર મનોહર એ,

હું ક્યહાં શોધું

મનનો હરનાર મનોહર એ ?

સખિ ! કઇ કુંજે મનનો હરનાર મનોહર એ ?

જીવનનીર મ્હારાં ઘેરાં ઘેરાં વ્હેનારાં,

જલ કેરે કાંઠડે ઉભો એ;

વાટ ભરીને ઊંડા પડછાયા પાડ્યા રૂડા,

હૈયે તો હેતથી ઝીલ્યો એ :

ક્યમ જાય ઘડી યે ભૂલ્યો એ !

મનથી વરી છું વ્હાલમો એ :

હું ક્યહાં શોધું

મનનો હરનાર મનોહર એ ?

સખિ ! કઇ કુંજે મનનો હરનાર મનોહર એ ?

૫૮

મેના પોપટજીને વિનવે રે,
કેસૂડાં શાં અણિયાળાં નાક
પોપટ ! તમે ક્યમ કીધાં રે ?

લીલાં આંગળિયે પાંદડાં રે,
ચીણી મનોહર પાંખ
પોપટ ! તમે ક્યમ ધરી રે ?

અમૃતકંઠની માધુરી રે,
નયણાંમાં નેહ હસન્ત :
પોપટ ! તમે ક્યહાં પામ્યા રે ?

* * *

વળતા પોપટજી બોલિયા રે,
એક દિન લાગ્યો'તો થાક :
મેના ! વ્હાણાં બહુ વીત્યાં કે ?

ઉડતો થંભ્યો આ આંબલે રે;
ભાળી તમ રસભરી આંખ :
મેના ! ત્હમે નવ જાણો કે ?

આવી બેઠો સુખસ્હોડમાં રે,
પછી લીધો વેશ વસન્ત :
મેના ! ત્હમે વીસર્યાં કે ?

૫૯

મ્હારી ભરછક હેલ છલકાય રે,
સખિ ! નમતાં હું નીતરૂં;
મ્હારૂં અઢળક ઉર ઢળી જાય રે,
સખિ ! નમતાં હું નીતરૂં.

મ્હારી હેલ, ત્હેવું રૂપ;
મ્હારા રૂપ જેવું ઉર :
મ્હારા હૃદય સમું હશે લલાટ કે ?
સખિ ! નમતાં હું નીતરૂં.

મ્હારી ભરછક હેલ છલકાય રે,
સખિ ! નમતાં હું નીતરૂં.

*

૬૦

મ્હારો હીંચકો રે અમરવેલડીની માંય:
અમરવેલડીની માંય:
અમરવેલડીની માંય:
મ્હારો હીંચકો રે અમરવેલડીની માંય.

વીજળી જ્યમ ગગન માંય,
કવિતા કવિનયન માંય,
એમ હીંગી હૃદય માંય
પ્રેમરાય
ગાય:

પ્રેમહીંચકો રે હૃદયવેલડીની માંય;
હૃદયવેલડીની માંય;
હૃદયવેલડીની માંય;
પ્રેમહીંચકો રે હૃદયવેલડીની માંય.

૦

૬૧

યૌવન બોલાવે આ વાર

સુણજો ઉરના એ ટહુકાર:

સખિ! સૌભાગ્ય તણા સત્કાર:

યૌવન બોલાવે આ વાર.

પવન તણી લહરી-લહરીમાં ઉરના એ ઉચ્ચાર:

દિશદિશ કંઇ કંઇ કહેણ કહાવે:

આણબોલ્યાં આમન્ત્રણ આવે·

રસની ઝાંઝરીના ઝણકાર

ભણે જો! ભવના જયજયકાર.

યૌવન બોલાવે આ વાર.



૬૨

રમ્ય લહરીઓ હૃદયની હાસે,
મરકલડાં ભરી કાન્તિ વિકાસે;
સુતનુલતાના આદર મધુરા
બાલે ! આ શાને ?

* *

આત્મન્ વળી વળી પાલવ ટાળે,
લોચન કંઇ કંઇ પ્રશ્ન નિહાળે;
દીન વદનના અનિમિષ ટગકા
બાલે ! આ શાને ?

૬૩

લોકલોકની બોલી બોલો
शतं जीव शरदः ;
ધર્મના પ્રતિપાલનાર્થે,
પ્રભુના જયમન્ત્રણાર્થે
शतं जीव शरदः.

જ્યાં સુધી વહે ગંગ ભૂમિ પાવન કરી,
જ્યાં સુધી ગર્જે મહોદધિ જગ ભરી,
ત્યાં સુધી તવ અમલ યશ
હો અચલ કાલતરંગમાં :
शतं जीव शरदः.

દેવ—માનવ સર્વ બોલો
शतं जीव शरदः;
દેશના ઉદ્ધાર કાજે,
લોકના કલ્યાણ કાજે,
शतं जीव शरदः.

જ્યહાં સુધી છે નિયમન્યાય સુઉજ્જવળાં,
જ્યહાં સુધી છે સૂર્યસોમ પ્રભાવતાં,
ત્યહાં સુધી તવ અમલ યશ
હો અચલ કાલતરંગમાં:
शतं जीव शरदः.



૬૪

વનવનનાં અન્ધારાં વામશે.

હો ! આવશે એવાં કો આભનાં તેજ:

હો ! સન્તજી ! એવાં કો દેવનાં તેજ.

જેવો વિશ્વ પ્રકાશી વ્યોમ વિલસે પ્રાતઃસમેનો રવિ,

જેવો રાત્રિ સુહાવી ચન્દ્ર ચમકે પીયૂષનો રાજવી,

જેવાં એ કિરણો અનન્ત દેવનાં આવન્ત નિંપાન્નિમેષ,

એવાં વર્ષસે પ્રભુનાં ઉતરશે. અન્ધાર ઉજળશે.

જગજગનાં અન્ધારાં વામશે.

હો ! આવશે એવાં કો દેવનાં તેજ;

ઉરઉરનાં અન્ધારાં વામશે.

હો ! આવશે એવાં કો પ્રભુનાં તેજ:

હો ! સન્તજી ! એવાં કો પ્રભુનાં તેજ.

卐

૬૯

વિરાટનો હિન્ડોળો ઝાકમઝોર;
કે આભને મોભે બાંધ્યા દોરઃ
વિરાટનો હિન્ડોળો.

પુણ્યપાપ દોર, ને ત્રિલોકનો હિન્ડોળો,
ફરતી ફૂમતડાંની ફોરઃ
ફૂદડીઓ—ફૂદડીઓ વિધિના નિર્માણમન્ત્ર
ટહુકે તારલિયાના મોરઃ

વિરાટનો હિન્ડોળો ઝાકમઝોર.

૬૬

વેણુ લઇયે ને દઇયે,

હૈયાની, સૈંયા !

વેણુ લઇયે ને દઇયે.

તું જગમોહન,

હું રસશોભન;

દિલને વસ્યાં દરિયે:

હૈયાની સૈંયા !

વેણુ લઇયે ને દઇયે.

તું નટનાગર,

હું રૂપસાગર;

ભરતી અંગ ભરિયે;

હૈયાની, સૈંયા !

વેણુ લઇયે ને દઇયે.

✽

૯૭

શુભના શુકને હો ! સંચરો, મહારાજ !
રણને જીતીને વ્હેલેરા વીર ! પધારજો,
મ્હારા રાજ !
જગને જયડંકે ધરણી ધ્રૂજાવજો,
મ્હારા રાજ !

ઘોડો મ્હારો યશપંખાળો, ને ઉડશે:
જોડો મ્હારો જયપંખાળો, ને જીતશે:
ગરવો રણધ્વજ એ ફરફરે, મહારાજ !
સુભટોનાં હૈયાં એવાં રણની રમણે ચ્હડશે,
મ્હારા રાજ !

શરનો મહેરામણ ઉલટ્યો, મહારાજ !
વીરો ફરા પગના પડે છે પડછન્દવા,
મ્હારા રાજ !

શુભના શુકને હો ! સંચરો, મહારાજ !

૬૮

'સખિ ! નવવસન્ત સૂર મધુમધુરા ધીરા લાવશે,
સખિ ! નવકુસુમો પૂરશે સમીરે સૌરભભાર ;
સખિ ! નવરસીલી કાન્તિ નયનનયનમાં આવશે,
ત્ય્હારે સંભળાશે કંઇ પ્રીતમના ગુંજાર :'
ફૂલડાં ! પ્રિયના હ્રદયે જ્હેને ક્‌હેજો એટલું.

⁂

૬૧

સખીજન ! ફૂલફૂલનાં એ બાણ

ભલી હો ! મારો મા મુજને :

અન્તર્ઝાળ જલાવી ન શમવ્યે

શાપ થશે તુજને :

અલી ઓ ! શાપ થશે તુજને :

સખીજન ! ફૂલફૂલનાં એ બાણ વિ.

અમે પુષ્પના પરિમળે વધાવિયે ત્હને.

. નહી : રસના એ દીપથી જલાવો છો મ્હને.

ત્હારા અંગથી અનંગના ફુવારા ફોડિયે;

ત્હારાં આંખ વદન હૃદયમાંથી કિરણ ખોલિયે:

અહો ! ઉરનાં અમીઝરણ ધૂળમાં ન ઢોળિયે.

ભલી હો ! મારો મા મુજને.

અન્તર્ઝાળ જલાવી ન શમજે

શાપ થશે તુજને :

અલી ઓ ! શાપ થશે તુજને :

સખીજન ! ફૂલફૂલનાં એ બાણ વિ.



૭૧

સહિયર ઝીલજો રે

સલુણાં જીવનવનનાં સ્વપ્નાં

પૃથ્વીના છેડાઓ જ્યાંહી વિરમતા,
આભના પડદાઓ જ્યાંહી લટકતા ;
અદપડિયાળી આંખડી શાં ઉઘડતાં
જીવન કેરાં સ્વપ્ન ત્યાંહી ઝબકતાં.
જલ માંહીની ઝાંયડી શાં જાગી જતાં,
હેલાર—હેલારે ઉડી જતાં :

ઝબકતી વીજ શાં રે

જગતમાં ઝબકે ને ઉડી જાય :

જઉં હું ઝાલવા રે,

કિરણ શાં ઝાલ્યાં એ ન ઝલાય.

કહેને, શાં હશે રે

એ અદ્દભુત વિધિચિત્રો મુજ તપનાં ?

સહિયર ! ઝીલજે રે

સલુણાં જીવનવનનાં સ્વપ્નાં.



૭૩

સાગર સખે ! મુજ કાનમાં એવું કંઈ તો ગા;
જેવું મીઠું લાગે મ્હને એવું કંઇ તો ગા:
સાગર સખે !

મહાભાવી ત્હારાં ગીતડાં, ઘેરા તાનમાં ભેદી ઊંડાં;
ગૂઢ અર્થ ના ઉકલી શકે, ઉકલે એવું તો ગા.
સાગર સખે !

શાશ્વત રહસ્યો ગર્જતી ઝમકે ત્હારી કરતાલ:
સમજું ન ત્હેના તાલ, કંઇ સમજું એવું તો ગા.
સાગર સખે !

સમજું ન તે મુજ દીનતા, તુજ વૈભવો વિસ્તર, સખા !
ન સુણ્યું ત્રિલોક નાથ ! કંઇ એવું અહર્નિશ ગા.
સાગર સખે !

મુજ ઉર તુજ પર ઢાળીને હું પોઢી જું ભરરાત,
મુજ ઉરમાં અસ્ફુટ કંઇ ભરતો સખે ! તું ગા.
સાગર સખે !

અમૃતના કુંભ ભરી લાવિયા,

હૈયાની હેલમાં રસધારને;

પાશે ભરથારને.

આર્યના સંસારને :

સરકારી આભ કેરી ઝાલરો.

[illegible] પ્રતિકૃતિ.

તારી 'ગુલાબ' તણસાર [illegible] શાને રહે?
[illegible] કુસુમના [illegible] ?
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] સંયોગ ના?
[illegible] વિયોગ ના!
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]

૭૪

સૂના આ સરોવરે આવો.
ઓ રાજહંસ ! સૂના આ સરોવરે આવો;
જૂનાં એ ગીતને જગાવો,
ઓ રાજહંસ ! સૂના આ સરોવરે આવો.

ક્‌હાં શુભ્ર માનસર ? ક્‌હાં અમ રંક આરો ?
ક્‌હાં પુણ્યશ્વેત વપુ ? ક્‌હાં ગિરિ આ અમારો ?
ઓ દેવપંખી ! કંઈ દેવા નથી, તથાપિ
ઉદ્ધારવા અમ સરોવરિયે પધારો.

લીલા લહેરન્તા કાંઠે, કંઠે મજાના.
સ્નેહે નમન્તાં ધીરે પગલે સજ્જનનાં,
અમારાં નીર આ સુહાવો :
ઓ રાજહંસ ! હૈયાને સરોવરે આવો;

હૈયાને સરોવરે આવો,
ઓ રાજહંસ ! હૈયાને સરોવરે આવો.

❀

મુખડે શું કરચલી પાડતો ! અવગણ મ્હને, ન વિમાસતો ;
ગા ગા ચિરસ્થાયી ગાન તુજ, સ્હમજે ય ત્હેને ગા.
સાગર સખે !

ત્હારે જગતને બોધવું, પરમાવધિ સત્ય શોધવું :
હું કોણ ? ગુરુ કર્તવ્ય આચરતો સખે ! ભવ્ય ગા.
સાગર સખે !

તું તો અમિત ઉદાત્ત રાજે, હું બાલુડી ચન્દા ;
અહો ! મહાભાવ રાજવી ! તુજ રાજગીત તું ગા.
સાગર સખે !

તુજ પ્રાણમાં ઉભી રહેવું, રહી પછી મ્હારે જવું ;
હું આથમીશ. અણઆથમ્યાં કંઇ ગીત ત્હારાં ગા.
સાગર સખે !

મેઘ ગાજે, કાલ ગાજે, ગાજે ચૌદે બ્રહ્માંડ;
પણ તેથી યે પર પ્રભુવર ગાજે, તે ગીત લઇ લઇ ગા :

સાગર સખે ! મુજ કાનમાં એવું અલૌકિક ગા:
જીવ્યું જીત્યું લાગે મ્હને એવું હવે પ્રિય ! ગા :
સાગર સખે ! મુજ પ્રાણમાં એવું અમુલખ ગા.

❦

૭૪

સૂના આ સરોવરે આવો.
ઓ રાજહંસ ! સૂના આ સરોવરે આવો;
જૂનાં એ ગીતને જગાવો,
ઓ રાજહંસ ! સૂના આ સરોવરે આવો.

ક્યહાં શુભ્ર માનસર ? ક્યહાં અમ રંક આરો ?
ક્યહાં પુણ્યશ્વેત વપુ ? ક્યહાં ગિરિ આ અમારો ?
ઓ દેવપંખી ! કંઈ દૈવી નથી, તથાપિ
ઉદ્ધારવા અમ સરોવરિયે પધારો.

લીલા લહેકન્તા કાંઈ કંઈ ભજના,
સ્નેહે નમન્તાં ધીરે પગલે લજ્જાનાં,
અમારાં નીર આ સુહાવો :
ઓ રાજહંસ ! હૈયાને સરોવરે આવો;

હૈયાને સરોવરે આવો,
ઓ રાજહંસ ! હૈયાને સરોવરે આવો.

❀

૭૯

સ્મરણ ! મા સતાવો, હું બ્હાવરી.

ઇન્દ્રરંગ આભે પૂર્યા, કુંકુમચન્દન ભાલે કર્યાં:
ફૂલફૂલે ચોક ભર્યો :

જોવાં ને રોવાં, એહ જોવાં ને રોવાં :
અલબેલડાના પ્રેમરંગે મ્હોવાં.
વિલાસરંગે મ્હોવાં :

કીકી–કીકીમાંથી ભ્રમર છૂટે:
ડંખે, ને દાહ દે એ દિલને :
રોમ રોમ ફૂવારા ફૂટે;
ડંખે, ને શાપ દે અનિલને.

સ્મરણ ! મા સતાવો, હું બ્હાવરી.



૭૬

હું તો જોગણ બની છું મ્હારા વહાલમની:
વહાલમની,
પ્રેમઆલમની ;
હું તો જોગણ બની છું મ્હારા વહાલમની.

વનવનના મહેલ પ્રીતમ ! ત્હારા વિણ સૂના છે;
તીરથના ઘાટ પ્રીતમ ! જોગીથી જૂના છે;
રસિકા એ રસના ઉપાસકની :
હું તો જોગણ બની છું મ્હારા વહાલમની.

તરુતરુને પાને પ્રીતમ ! ભાગ્ય જો ! ત્હારૂં છે;
રેખારેખામાં પ્રીતમ ! નામ જો ! ત્હારૂં છે;
દાસી એ દિલના દિલાવરની :
હું તો જોગણ બની છું મ્હારા વહાલમની.



૭૭

હો જયા ! વીની વિતકની વધાઇઓ ;
વીની વિતકની વધાઇઓ,
દેવોના દેવની દુહાઇઓ:
હો જયા ! વીની વિતકની વધાઇઓ.

હનાં રાજ્ય ને પાટ, મહેલ હના મનમાનતા;
વનમાં તીરથઘાટ ઝૂંપડલાં યે ના જડયાં.
વીતી વિતકની વધાઇઓ,
દેવોનાં દેવની દુહાઇઓ:
હો જયા ! વીતી વિતકની વધાઇઓ.

દિલમાં મ્હારે લ્હાય, દુનિયાં ત્હેમાં પરજળે;
એ અગ્નિ હોલાય એવું જયન્ત ! વાર્જે.

વીતી વિતકની વધાઇઓ,
દેવોના દેવની દુહાઇઓ.
હો જયા ! વીતી વિતકની વધાઇઓ.

ઉગ્યાં દુઃખનાં ઝાડ, એ પાને પાને પ્રેમ છે;
પડ્યા વિતકના પ્હાડ, એ પત્થર પત્થરમાં પ્રભુ.
વીતી વિતકની વધાઇઓ,
દેવોના દેવની દુહાઇઓઃ
હો જયા ! વીતી વિતકની વધાઇઓ !

૭૮

હો–ઓ ! દુઃખનો દિલાસો એક યોગીનો અંચળો;
હો–ઓ ! પ્રારબ્ધનો પાસો એક યોગીનો અંગળો.

જે કાન્ત છે કેસરીનો સુવર્ણ,
સંસારનો જોઉ હિરણ્યવર્ણ,
જે વિશ્વસોહવતું સુન્દર સૂર્યતેજ :
યોગી જનનો સહુસુભગ તે બ્રહ્મવર્ણો જ ભેખ.

હો–ઓ ! સંસારની શાન્તિ એક યોગીનો અંચળો;
હો–ઓ ! આત્માની કાન્તિ એક યોગીનો અંચળો.

•

✽

૭૯

આપો એ આશીર્વાદ, સજ્જનસજ્જની હો !
ભાખો એ કલ્યાણમન્ત્ર, ભાગ્યજનની હો !
ચિરંજીવ—ચિરંજીવ હો !
અમ ભરતભૂમિ હો !
આપો એ આશીર્વાદ, સજ્જનસજ્જની હો !

રસવન્તી પુષ્પવન્તી પુણ્યવન્તી હો !
સુફલવતી જીવનવતી
આત્મવતી પ્રભુપનોતી હો !
અમ ભરતભૂમિ હો !
આપો એ આશીર્વાદ, સજ્જનસજ્જની હો !

પ્રેયસૂંકાડથી અભિરામ,
શ્રેયસૂઝધ્યાની વિશ્રામ;
પ્રેમધામ, પૂર્ણકામ, ક્ષેમકામ, ગુણગ્રામ હો !

પ્રગતપ્રગતની પાવનકારિણી,
પૃથ્વિભૂષણ, ભવતારિણી:
ખંડખંડની ઉદ્ધારિણી:
મૃત્યુલોકની કલ્યાણિની હો!

ઉજ્વલ શાશ્વવન્તી, સૃજનહેતુસિદ્ધિવન્તી;

વિરાટને કિરીટ તિલકટીલડી સમ હો!
ઇતિહાસની અનન્ત પરમ પૂર્ણિમા સમ હો!
મનુષ્યકુલની પ્રફુલ્લ નિત્યવસન્ત હો!
એમ ભારતભૂમિ હો!

ભાખો એ કલ્યાણમન્ત્ર, ભાગ્યજનની હો!

ગાઓ એ મહાકથા મનુષ્યમોહિની,
અહો ભારતકુલ!

અનુક્રમ

—·—



મુદ્રક : મુદ્રણસ્થાન :
કેશવ હ. શેઠ,
ખડાયતા મુદ્રણકલા મન્દિર.
ચાર રસ્તા, અમદાવાદ



કુલ ૮૦ ગીતો



મુદ્રક : મુદ્રણસ્થાન :
કેશવ હ. શેઠ,
ખડાયતા મુદ્રણકલા મન્દિર.
ચાર રસ્તા, અમદાવાદ

